૧૮૪૮૭-૫૧૫
ક્રમાંક/અનુદાન/૨/ઘ/બદલી/૯૯
કમિશ્નર ઓફ સ્કૂલની કચેરી,
૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર.
તારીખ. ૨૪-૧૧-૯૯.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- બિન સરકારી માધ્યમિક શાળાની બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યાઓ બઢતીથી ભરવા બાબત.

સંદર્ભ:- ૧: શિક્ષણ વિભાગના તા. ૨૨-૨-૯૯ના ઠરાવ ક્રમાંક/બમશ/ ૧૩૯૪-૩૬૪(૯૩)ગ.

૨: શિક્ષણવિભાગના તા. ૨૦-૧૦-૯૯નો ઠરાવ ક્રમાંક/બમશ/ ૧૩૮૪-૩૬૪(૯૭)ગ.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ-૧ ના ઠરાવથી બીન સરકારી માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને પેટર્ન વિદ્યાર્થી સંખ્યાના આધારે સુધારીને રાખવાનું નિયત કરવામાં આવેલ છે. સ્ટાફ પેટર્નનું જે વધુ માળખું ઉભુ કરવામાં આવેલ છે તે નવા માળખા પ્રમાણે ભરવા પાત્ર થતી કુલ જગ્યાઓના ૨૦ ટકા જગ્યાઓ કમી કરવાની એટલે કે નવા માળખા મુજબ શાળામાં વહીવટી કર્મચારીઓની પાંચ જગ્યા મળવાપાત્ર થતી હોય તો તેના ૨૦ ટકા મુજબ એક જગ્યા રદ કરી અને તેજ રીતે પાંચથી વધુ જગ્યા મળવાપાત્ર થતી હોય ત્યાં પાંચમાંથી એકના પ્રમાણમાં વધારાની જગ્યાઓ રદ કરવાની રહેશે. અને ત્યારબાદ નવા માળખા પ્રમાણે મળવાપાત્ર જગ્યા ઉપર બઢતી આપીને જગ્યા ભરવાની જોગવાઇ થયેલ છે જેથી નીચેની શરતોને આધીન રહીને કાર્યવાહી કરવાની રહેશે.

૧) બઢતીથી જગ્યા ભરવા સંમતિ આપતા પહેલા જે તે શાળાના વહીવટી માળખાની કુલ જગ્યાની ૨૦% પ્રમાણે જગ્યા રદ કરતા હુકમો પ્રથમ કરવાના રહેશે. અને ત્યારબાદ ઉપલા સંવર્ગમાં ખાલી જગ્યાઓ ઉપલબ્ધ રહે તો જ બઢતી માટે દરખાસ્ત કરવાની રહેશે.

૨) શાળાઓને/સંસ્થાઓને ગ્રાંટ કે હપ્તારૂપે ચુકવવાની થતી ગ્રાંટ વખતે ઉપર જણાવ્યા મુજબ ૨૦% મહેકમ કાપની નીતીમાં અમલ જે તે શાળાએ કરેલ છે કે કેમ? તેની ચકાસણી કરી લેવાની રહેશે અને જો તેનો અમલ થયેલો ન જણાય તો ગ્રાંટકાપ આપવાના કે ગ્રાંટ અટકાવવાના પગલાં લેવાના રહેશે.

૩) બઢતી આપવા માટે ઉમેદવારે બઢતી અંગે નિયત કરવામાં આવેલ સા.વ.વિ.ના તા. ૬-૧૨-૮૫ના જાહેરનામામાં દર્શાવેલ અનુભવ અને લાયકાત ધરાવતો હોવો જોઇએ. (તા. ૬-૧૨-૮૫ના જાહેરનામાની નકલ સામેલ છે.)

૪) આ સાથેના પત્રમાં જણાવેલ મુજબ આ કચેરીને દરખાસ્ત કરીને અત્રેથી મંજુરી મળ્યા બાદજ જે તે સંવર્ગમાં બઢતી આપવાની રહેશે.

૫) દરખાસ્ત સાથે જે તે શાળાના વહીવટી માળખાની કુલ જગ્યાની ૨૦% પ્રમાણે જગ્યા રદ કરતા હુકમની નકલ દરખાસ્ત સાથે સામેલ રાખવાની રહેશે.

૬) બઢતી માટે સંચાલક મંડળે કરેલ ઠરાવની નકલ દરખાસ્ત સાથે સામેલ રાખવાની રહેશે.

૭) વર્ગ-૪ માં બઢતીપાત્ર કર્મચારીને બઢતી આપ્યા પછી ખાલી રહેતી જુનિયર કારકુનની જગ્યા પર ફાજલ કર્મચારીને જ નિમણુંક આપવાની રહેશે. જેથી ફાજલ કર્મચારી સિવાય બીજી કોઇ અન્ય રીતે જુ.કા.ની જગ્યા ભરી શકાશે નહી.

૮) દરખાસ્ત સાથે કર્મચારીઓના ખાનગી અહેવાલની ફાઈલ બંધ કવરમાં જિ.શિ.અ. શ્રીને મોકલી આપવાની રહેશે. અને ખાનગી અહેવાલની ચકાસણી કરી જિ.શિ.અ. શ્રીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે. જે દરખાસ્ત સાથે મોકલવાનું રહેશે.

૯) ઠરાવની જોગવાઈ મુજબ ૨૦% કાપ મુકીને પ્રથમ બઢતી આપવાની રહેશે. અને ત્યારબાદ ખાલી રહેતી જગા પર રહેમરાહેની દરખાસ્ત મોકલવાની રહેશે.

૧૦) જો કોઈ સંસ્થા ઉપરોકત શરતોનું પાલન કરશે નહી અને અન્યથા નીમણુંક કરશે તો તેની નિમણુંકો કોઈપણ સરકારી ગ્રાંટના હેતુઓ માટે અમાન્ય ક ગણાશે અને આવા કર્મચારીઓની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

( જી.જે.રાવલ)
નાયબ શિક્ષણ નિયામક.

નાં.માધ્ય.બ-૧/ભરતી/બઢતી/૧૦૨૫૧-૯૫/૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ
તારીખ. ૩-૧૨ ૯૯

ઉપર મુજબ થયેલ આદેશ અનુસાર ઘટિત કાર્યવાહી થવા સારુ રવાના:- તેમજ શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી મળવાપાત્ર થતીહોય તોનિયત દરખાસ્ત સાધનિક કાગળો સાથે ત્રણ નકલમાં દિવસ-૮(આઠ)માં કચેરીએ રજુ કરવા સારુ.

[signature]
જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક
શાળાઓ,

નકલ રવાના:-
- તમામ શિ.નિ.શ્રીઓ આ કચેરી,
- તમામ મ.શિ.નિ.શ્રીઓ આ કચેરી,
- તમામ સંબંધિત શાખાઓ આ કચેરી,.

'દવે' ૪૧૨૯૯' R.N / ૭૦૦/૦૧૩૯

"પત્રક – અ"

શિક્ષણ વિભાગના ઠ.ક્ર.બમશ/૧૩૯૯-૩૬૪(૯૭)ગ તા. ૨૦-૧૦-૯૯ અન્વયે બિનસરકારી માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યાઓ બઢતી ભરવા માટે દરખાસ્તનું પત્રક.

---

૧: શાળાનું નામ. :-

૨: શાળાનું સરનામું :-

૩: શાળામાં કુલ માન્યવર્ગોની સંખ્યા:- (ઉ.મા.માંકે કરતા વધુ પ્રવાહ હોય તો તે મુજબની માહિતી આપવી)

૪: શાળામાં ધોરણવાર વિદ્યા.સંખ્યા:-

| | ધોરણ ૮ | ધોરણ ૯ | ધોરણ ૧૦ | ધોરણ ૧૧ | ધોરણ ૧૨ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |

| | પટાવાળા (હેડપટાવાળા સાથે) | જુનિયર કલાર્ક | સિનિ. કલાર્ક | મુખ્ય કલાર્ક | ઓફીસ સુપ્રિ. |
|---|---|---|---|---|---|
| ૫: શિ.વિ.ના તા.૨૨-૨-૯૯ના ઠરાવ:- અનુસાર વિદ્યાર્થીસંખ્યાના પ્રમાણમાં મળવાપાત્ર બિનશૈક્ષણિક કર્મચારીઓની સંખ્યા. | | | | | |
| ૬: સુપ્રિમ પ્રમોશન આપ્યાબાદ શિ.વિ. ના તા.૨૦-૧૦-૯૯ના ઠરાવ અનુસાર ૨૦% કાપ મુકયાને લેતા રદ કરવા પાત્ર જગ્યાઓ. | | | | | |
| ૭: ૨૦% કાપ મુકતા ખરેખર મળવાપાત્ર જગ્યાઓ (કોલમ.૫-કોલમ.૬) | | | | | |
| ૮: શાળામાં કામ કરતા કર્મચારીઓ (ભરાયેલ જગ્યાઓ.) | | | | | |
| ૯: બઢતી આપવાપાત્ર જગ્યાઓ. | | | | | |

શાળાના આચાર્યશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ,

'' પત્રક - બ ''

બઢતી આપવાપાત્ર કર્મચારીઓની વિગત (પટાવાળા માટે નાં.વિ.ના ઠ.ક્ર.બમશ/૧૩૮૩/૫૯૫૫૮-ગ તા.૨૨-૧૨-૮૩

અનુસાર કાર્યવાહી કરવી.)

| ક્રમનંબર | બઢતી આપવાપાત્ર કર્મચારીનું પુરુનામ. | નોકરીમાં દાખલ તારીખ. | હાલ કયા હોદ્દા પર કામ કરેછે? | હાલનીજગા પરનિમણુંક તારીખ. | શૈક્ષણિક લાયકાત | કઈજગા પરબઢતી આપવા પાત્રછે? | ખાનગી અહેવાલ લખાયેલછે કેકેમ?જો હાતોકોઈ વિરુધ્ધનોંધ થયેલછેકે કેમ? | બઢતીઆપવા માટેસંચાલક મંડળેઠરાવ કરેછેકેકેમ? ઠ.નં.અને તા. | સા.વ.વિના તા.૬-૧૨-૮૫ ના જાહેરનામા મુજબલઘુતમ અનુભ શૈ.લાયકાત ધરાવેછે? | જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીનો સ્પષ્ટ અભિપ્રાય. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

'' પ્રમાણપત્ર ''

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે પત્રક - બ માં કોલમ-૧ થી ૧૦ સુધી ભરવામાં આવેલ વિગતો કર્મચારીના ખાનગી અહેવાલ અને સર્વિસ રેકર્ડના આધારે રજૂ કરવામાં આવેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી/
સિક્કો

શાળાના આચાર્યશ્રીની સહી/સિક્કો.

શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૦-૧૦-૯૯ ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૯૪-૭૬૪(૯૭)ગ. તથા શ્રી કમિશનર સાહેબ, ગાંધીનગરના પત્ર નં. અનુદાન-૨-૫-બઢતી-૯૯-૧૮૪૮૭-૫૧૨ તા. ૨૪-૧૧-૯૯ અન્વયે શાળાના વહીવટી માળખાની કુલ જગ્યાની ૨૦ % પ્રમાણે જગ્યા રદ્ કરવા અંગેના હુકમ.

---

શાળાના નંબર ............... તારીખ ............

શાળાનું નામ ..................................

સરનામું ........................................

........................................

વિષય : બિન સરકારી માધ્યમિક શાળાની બિન શૈક્ષણિક કર્મચારીઓની જગ્યાઓ બઢતીથી ભરવા અંગે.

સંદર્ભ :
1) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૯૪-૫૬૪(૯૭)ગ. તા. ૨૨-૨-૯૯.
2) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : બમશ-૧૦૯૪-૭૬૪(૯૭)-ગ. તા. ૨૦-૧૦-૯૯.
3) શ્રી કમિશનર સાહેબ(સ્કુલ્સ) ગાંધીનગરના પત્રના અનુદાન-૨-૫-બઢતી-૯૯-૧૮૪૮૭-૫૧૫-તા. ૨૪-૧૧-૯૯.
4) ગુજરાત રાજ્ય ગાંધીનગરના સામાન્ય વહીવટ વિભાગના તા. ૬-૧૨-૮૫ ના નોટીફિકેશન અન્વયે.

.....

<u>કચેરી આદેશ</u> :

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ (૧) માં દર્શાવેલા નંબર તારીખવાળા ઠરાવથી બિન સરકારી માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને પેટર્ન વિદ્યાર્થી સંખ્યાના આધારે સુધારીને રાખવાનું નિયત કરવામાં આવેલ છે. આમ, આ ઠરાવ અન્વયે મંડળ સંચાલિત શાળા ................................................ માં ધો. ૮ થી ૧૦/૧૨ ના કુલ વર્ગોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા .............. ધ્યાનમાં લેતા હાલ શાળામાં ઓફિસ સુપ્રિ.-એક, મુખ્ય કારકુનની એક, સિનિયર કલાર્કની ......, જુનિ. કલાર્કની ...... તથા વર્ગ-૪ ની કુલ ....... જગ્યાઓ મળી કુલ ........... બિન શૈક્ષ. જગ્યાઓ મળવાપાત્ર થાય છે.

સંદર્ભ (૨) માં દર્શાવેલા નંબર તારીખવાળા શિક્ષણ વિભાગ-ગાંધીનગરનાં ઠરાવથી થયેલ જોગવાઈ અનુસાર નવા માળખા પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓમાંથી કુલ જગ્યાની ૨૦% પ્રમાણે જગ્યા રદ્ કરવાની થાય છે.

આમ, સંદર્ભ (૭) માં દર્શાવેલા નંબર તારીખવાળા શ્રી કમિશનર સાહેબ, ગાંધીનગરના આદેશ અનુસાર નવા માળખા પ્રમાણે ભરવાપાત્ર થતી જગ્યાઓમાંથી ૨૦ % કાપને ધ્યાને લેતા શાળાના વર્ગ-૪ ની .......... જગ્યા રદ્ કરવા માટે આથી આદેશ કરવામાં આવે છે.

ઉપર મુજબ ૨૦ % પ્રમાણે જગ્યા રદ્ કરતા શાળામાં બિન.શૈક્ષ.જગ્યાઓ સેક.સુપ્રિ., સેક મુખ્ય કારકુન, ........ સ્ટેપ ન કારકુન તથા ........ જુનિયર કલાર્ક તેમજ વર્ગ-૪ ની ........ જગ્યાઓ મળવાપાત્ર થાય છે. આ જગ્યાઓ નિયમાનુસાર કાર્યવાહી કરી ભરવા માટે શાળાએ ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.

મેનેજમેન્ટ
સહી/સિક્કા

પ્રતિ.
આચાર્યશ્રી.

................................ આગળની કાર્યવાહી કરવા સારૂ.

નકલ સવિનય રવાના.

શ્રી જીલ્લા શિક્ષણાધિકારી સાહેબ
રાજકોટ તરફ..શ્રી કમિશનર સાહેબ, ગાંધીનગરની જરૂરી સંમતિ મેળવવા માટેની ભલામણ કરવા સારૂ.

શ્રી કમિશનર સાહેબ,(સ્કુલ્સ), ગાંધીનગરના તા.૨૪-૧-૯૯ ના પત્ર અન્વયે બઢતી આપવાપાત્ર બિન શૈક્ષણિક કર્મચારીઓની વિગતનું પત્રક.

૧. શાળાનું નામ :

૨. સ્કુલ કોડ નંબર :

૩. શાળામાં ધોરણવાર વર્ગવાર વિ.સંખ્યા :

| ધોરણ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | કુલ |
|---|---|---|---|---|---|---|
| વર્ગ | | | | | | |
| વિ. સંખ્યા | | | | | | |

૪. કર્મચારીનું નામ,હોદ્દો :

૫. કોમ્પ્યુ.કોડ નંબર :

૬. જન્મ તારીખ :

૭. લાયકાત :

૮. ખાતામાં દા.તા. :

૯. શાળામાં દા.તા. :

૯૯. પગાર ધોરણ :

૧૦. અનુભવ :

| વર્ષ: | માસ: | દિવસ: |
|---|---|---|

| | પટ્ટાવાળા | જુનિ. કલાર્ક | સિનિ. કલાર્ક | હેડ કલાર્ક | ઓફિસ સુપ્રિ. |
|---|---|---|---|---|---|
| ૧૧. શિક્ષણ વિભાગના તા.૨૨-૨-૯૯ ના ઠરાવ મુજબ મળવાપાત્ર કર્મચારીની જગ્યા. | | | | | |
| ૧૨. પ્રમોશન આપ્યા બાદ તા.૨૦-૧૦-૯૯ ના ઠરાવ અનુસાર ૨૦ % કાપની જગ્યા. | | | | | |
| ૧૨. કાપની જગ્યા રદ કર્યા બાદ બાકી રહેતી જગ્યાઓ. | | | | | |

૧૩. બઢતી આપવાપાત્ર જગ્યાનું નામ, જગ્યા ઉભી થવાનું કારણ :

૧૪. બઢતી આપવાની જગ્યાનું પગાર ધોરણ :

૧૫. આ અંગે મંડળે કરેલ ઠરાવની તારીખ :

૧૬. બઢતી માટેની તારીખ :

૧૭. સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૬-૧૨-૮૫ ના નોટીફિકેશન મુજબ અનુભવ. :

આચાર્યશ્રી,
સહી/સિક્કા

મેનેજમેન્ટ
સહી/સિક્કા

નં.માધ્ય/મ-૭/ભરતી/બઢતી/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
રાજકોટ.
તા. --૧૨-૯૯.

.................................... શાળાનાં
.................. હોદ્દો ધરાવતાં શ્રી ........................ ને મંડળનાં તારીખ ........... ના ઠરાવથી .................. હોદ્દા પર પ્રમોશન આપવાની દરખાસ્ત થઈ આવતાં અને તે નિયમાનુસાર હોઈ, તેમજ તે અંગે શ્રી કમિશ્નર સાહેબ, ગાંધીનગર તરફથી સંમતી મળતાં આ દરખાસ્ત તારીખ .......... થી બહાલ રાખવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થી સંખ્યા ઘટતાં બઢતી પામનાર કર્મચારી પોતાની મૂળ જગ્યા પર પાછા ઉતાર (રીવર્ઝન) થયેલ ગણાશે. આ બાબતની નોંધ મજકુરની સેવાપોથીમાં કરવી. પગાર નિયતી માટે નિયત ફોર્મ અસલ સેવાપોથી સાથે અલગ રીતે રજુ કરી આ કચેરીના સહી/સિક્કા કરાવી લેવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.

<u>બિડાણ</u> :
૧. મંડળનો ઠરાવ
૨. કર્મચારી લાયકાત-પ્રમાણપત્રો
૩. બિનશૈક્ષ.કર્મ. લીસ્ટ.
૪. જગ્યા રદ કર્યાના હુકમની નકલ

પ્રતિ,
આચાર્યશ્રી,
..........................
..........................